રજુ થયેલ દરખાસ્ત સામે એકજ દરખાસ્ત રજુ થયેલ અને આવેલ હોય ,દરખાસ્તમા રજુ થયેલ નામોવાળા સભ્યશ્રીઓને શ્રી મહાત્માગાંધી ટાઉન હોલ ટ્રસ્ટ કમીટીના સભ્યો તરીકે સર્વાનુમતે ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

ઉપરોકત શ્રી મહાત્માગાંધી ટાઉન હોલ ટ્રસ્ટના માજી ટ્રસ્ટીશ્રીઓના ચેરમેન તરીકે શ્રી સોલંકી ( જૈન) સોનલબેન તેજશભાઈ તથા ટ્રસ્ટીઓ (૧) મહેન્દ્ર ( મુકેશ ) જે. શ્રોફ .(૨)શ્રી રોહીતભાઈ ધાસવાલા ચાલુ રહે છે.

વધુમા મજકુર કમીટીના પ્રમુખશ્રી, પ્રતિનિધિ ,મેનેજર તરીકે આવતા હોય તેઓ હોદ્દાની રૂએ એકસ ઓફીસીયો ચેરમેન બને છે.અને તેથી મજકુર કમીટીના ચેરમેનશ્રી ચુંટણી કરવાની રહેતી નથી.

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૪ ./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

...........................................................................................

વ.કા.નં.:(૧)

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતે પ્રાઈમીંગની સમસ્યાનું નિવારણ માટે કરેલ કામગીરીને બહાલી આપી રૂા.: ૪,૮૦૦/–નું બીલનું ચુકવણું કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વારીગૃહ હેડવર્કસ ખાતે પંપ હાઉસની મોટરો અને પંપ પાણી છોડી દેવાથી મોટર પંપ પાણી ફેકી શકતી નથી.આવી પરિસ્થિતિ વારંવાર થતી હોવાથી હેડવર્કસ ખાતેથી પાણી પુરતા પ્રમાણમા આવી શકતુ નથી જેથી પાણીનો સપ્લાય આપવામા મુશ્કેલી ઉભી થતી હોવાથી તેના નિવારણ માટે હેડવર્કસ ખાતુ પ્રાયમીંગ કરવાના કામે તાત્કાલીક પાઈપ લાઈન કરવાના કામે સ્થાનીક બજારમાંથી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડમાથી તા.: ૩૦–૬–૨૦૧૬ના રોજ તેમના બીલ નં.૯૮૦૦/ તા.:૩૦–૬–૨૦૧૬મા બતાવ્યા મુજબનો માલસામાન ખરીદ કરેલ છે.સદર થયેલ ખરીદી અંગેના બીલની રકમ રૂા.:૪૮૦૦–અંકે રૂપિયા ચાર હજાર આઠસો પુરા ઈજનેરશ્રી સચીન્દ્ર કે. કાપડીયાએ રોકડા ચુકવેલ છે જે અંગે થયેલ કામગીરીને બહાલી આપવાનુ અને ચુકવેલ નાણાં પરત કરવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૫ ./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.:(૨)

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતે ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણીનું લેવલ ઓછું થતા એકસ્ટરનલ સોર્સથી પાણી ઈનટેક વેલમાં પાણી પહોચાડવા રોકેલ જાણકાર હેલ્પર / ઓપરેટર ધ્વારા કરેલ કામગીરીને બહાલી આપી રૂ.:૭,૦૦૦/–નું બીલનું ચુકવણું કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા સંચાલીત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે અબ્રામા ખાતે ઔરંગા નદી કિનારે આવેલ છે.ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણી લેવલ ઘટી ગયેલ હતું. તેમજ ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીની અછતના કારણે પાણીનુ રોટેશન મળેલ ન હતું. તા.: ૨૩–૬–૨૦૧૬ના રોજ વોટર લેવલ –૮૨ ઈંચથી નીચે જતા પોલ્ડર પંપમા ફુટ વાલ્વથી લેવલ ડાઉન થઈ ગયેલ હતું.શહેરીજનોને પીવાના પાણીના સપ્લાયમા ખલેલ ન પહોચે અને ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીનુ રોટેશન આવે ત્યાં સુધી એકસ્ટરનલ સોર્સથી પાણી ઈન્ટેક વેલમા પાડવાનુ આયોજન પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી અને વારીગૃહ ઈજનેરશ્રી ધ્વારા કરવામા આવેલ.

તા.: ૨૪–૬–૨૦૧૬ થી તા.:૩૦–૬–૨૦૧૬ એમ સાત દિવસ ચાલેલ.સદર કામગીરી કરવા માટે મશીનના જાણકાર બે હેલ્પર / ઓપરેટરને રોકેલ .સદર એક હેલ્પર / ઓપરેટરના એક દિવસના રૂા.:૫૦૦– લેખે સાત દિવસના ( રૂા.:૧૦૦૦ × ૭ ) મળી કુલ રૂા.:૭૦૦૦–થાય છે.સદર કામગીરી અંગેનુ બીલ અત્રેની કચેરીએ આવક નં.: ૩૧૯૨ / તા.: ૧૩–૭–૨૦૧૬ના રોજ કાલીદાસ કેશવ માંગેલા –પારડીનું રૂા.:૭૦૦૦–રજુ થયેલ છે.સદર કરેલ કામગીરીના નાણાં વારીગૃહ ઈજનેરશ્રી સચીન્દ્ર કે. કાપડીયાએ રોકડા ચુકવેલ છે જે અંગે થયેલ કામગીરીને બહાલી આપવાનુ અને ચુકવેલ નાણાં પરત કરવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૬./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

........................................................................................................

વ.કા.નં.(૩)

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતે ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણીનું લેવલ ઓછું થતા એકસ્ટરનલ સોર્સથી પાણી ઈનટેક વેલમાં પાણી પહોચાડવા લાવેલ મશીનરીના કાટીંગ અંગે કરેલ કામગીરીનેબહાલી આપી રૂા.:૧૪,૦૦૦/–નું બીલનું ચુકવણું કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા સંચાલીત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે અબ્રામા ખાતે ઔરંગા નદી કિનારે આવેલ છે.ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણી લેવલ ઘટી ગયેલ હતું. તેમજ ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીની અછતના કારણે પાણીનુ રોટેશન મળેલ ન હતું. તા.: ૨૩–૬–૨૦૧૬ના રોજ વોટર લેવલ –૮૨ ઈંચથી નીચે જતા પોલ્ડર પંપમા ફુટ વાલ્વથી લેવલ ડાઉન થઈ ગયેલ હતું.શહેરીજનોને પીવાના પાણીના સપ્લાયમા ખલેલ ન પહોચે અને ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીનુ રોટેશન આવે ત્યાં સુધી એકસ્ટરનલ સોર્સથી પાણી ઈન્ટેક વેલમા પાડવાનુ આયોજન પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી અને વારીગૃહ ઈજનેરશ્રી ઘ્વારા કરવામા આવેલ.

તા.: ૨૩–૬–૨૦૧૬ ના રોજ નદીમા વચ્ચે હોડી તથા ૪૦૦ એચ.પી.નુ મશીન પારડી ખાતેથી હાઈડ્રા મારફતે ટ્રકમા ભરી હેડવર્કસ લાવી અને ત્યાથી નદીમા ઉતારેલ .સદર કામગીરી તા.:૩૦–૬–૨૦૧૬ સુધી ચાલેલ જેથી તા.:૧–૭–૨૦૧૬ના રોજ હાઈડ્રાથી સદર હોડી અને મશીન ટ્રકમા ભરી પરત કરેલ છે.સદર કામગીરી અંગેનુ બીલ અત્રેની કચેરીએ આવક નં.: ૩૧૯૧ / તા.: ૧૩–૭–૨૦૧૬ના રોજ કાલીદાસ કેશવ માંગેલા –પારડીનું રૂા.:૧૪૦૦૦– રજુ થયેલ છે.સદર કરેલ કામગીરીના નાણાં વારીગૃહ ઈજનેરશ્રી સચીન્દ્ર કે. કાપડીયાએ રોકડા ચુકવેલ છે જે અંગે થયેલ કામગીરીને બહાલી આપવાનુ અને ચુકવેલ નાણાં પરત કરવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર.

.

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૭./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

........................................................................................

વ.કા.નં.:(૪)

વિષય.: વારીગૃહ હેડવર્કસ ખાતે ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણીનું લેવલ ઓછું થતા એકસ્ટરનલ સોર્સથી પાણી ઈનટેક વેલમાં પાણી પહોચાડવા ભાડેથી લાવેલ મશીનરીના ઉપયોગથી  કરેલ કામગીરીને બહાલી આપી રૂા.:૨૮,૦૦૦/–નું બીલનું ચુકવણું કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા સંચાલીત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે અબ્રામા ખાતે ઔરંગા નદી કિનારે આવેલ છે.ઉનાળાની રૂતુ દરમ્યાન નદીમા પાણી લેવલ ઘટી ગયેલ હતું. તેમજ ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીની અછતના કારણે પાણીનુ રોટેશન મળેલ ન હતું. તા.: ૨૩–૬–૨૦૧૬ના રોજ વોટર લેવલ –૮૨ ઈંચથી નીચે જતા પોલ્ડર પંપમા ફુટ વાલ્વથી લેવલ ડાઉન થઈ ગયેલ હતું.શહેરીજનોને પીવાના પાણીના સપ્લાયમા ખલેલ ન પહોચે અને ઈરીગેશન ડીપાર્ટમેન્ટ તરફથી પાણીનુ રોટેશન આવે ત્યાં સુધી એકસ્ટરનલ સોર્સથી પાણી ઈન્ટેક વેલમા પાડવાનુ આયોજન પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી અને વારીગૃહ ઈજનેરશ્રી ઘ્વારા કરવામા આવેલ.

તા.: ૨૪–૬–૨૦૧૬ થી તા.:૩૦–૬–૨૦૧૬ એમ સાત દિવસ ચાલેલ.સદર મશીન રોજ ૧૦ કલાક ચાલેલ છે તેમા એક કલાકના રૂા.:૪૦૦– પેટે ( રૂા.:૪૦૦ × ૭૦ ) મળી કુલ રૂા.:૨૮૦૦૦–થાય છે.સદર કામગીરી અંગેનુ બીલ અત્રેની કચેરીએ આવક નં.: ૩૧૯૦ / તા.: ૧૩–૭–૨૦૧૬ના રોજ કાલીદાસ કેશવ માંગેલા –પારડીનું રૂા.:૨૮૦૦૦– રજુ થયેલ છે.સદર કરેલ કામગીરીના નાણાં વારીગૃહ ઈજનેરશ્રી સચીન્દ્ર કે. કાપડીયાએ રોકડા ચુકવેલ છે જે અંગે થયેલ કામગીરીને બહાલી આપવાનુ અને ચુકવેલ નાણાં પરત કરવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૮ /તા.: ર૭–૦૭–ર૦૧૬ની નકલ.**

.........................................................................................

વ.કા. નં (પ)

વિષય.: કા.સ.ઠ.નં.:૮૭/તા.:૧૩–૦૭–ર૦૧૬ની ભલામણ મુજબ વોર્ડનં.૧,મોટાતાઈવાડમા બસીરભાઈ ના ઘર પાસેના વિસ્તારમા પેવરબ્લોક બેસાડવાના કામનો એસ્ટીમેઈટ રૂા.:૪૦,૪૪૩/–પુરાનો મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૮૭/તા.:૧૩–૦૭–ર૦૧૬ની ભલામણ મુજબ વોર્ડનં.૧,મોટા તાઈવાડમા બસીરભાઈ ના ઘર પાસેનો રોડ / ગલી બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા જવામા મુશ્કેલી પડતી હોવાથી સદરહુ વિસ્તાર ને પેવરબ્લોક બેસાડવાના જરૂરી હોવાથી જેથી પેવરબ્લોક બેસાડવા માટેનો કામનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.:૪૦,૪૪૩/–અંકે રૂપિયા ચાલીસ હજાર ચારસો તેતાલીસ પુરાનો મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૯./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

........................................................................................................

વ.કા.નં.:(૬)

વિષય.: કા.સ.ઠ.નં.:૮૮/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૫, ગાયત્રી મંદીર પાસેના વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.:૪૬,૫૨૬– પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૮૮/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૫, ગાયત્રી મંદીર પાસેના વિસ્તારમા વરસાદની સીઝનમા વરસાદી પાણીનો ભરાવો થતો હોય જેથી વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાના કામનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.:૪૬,૫૨૬– અંકે રૂપિયા છેતાલીસ હજાર પાચસો છવ્વીસ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૦./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.............................................................................................................

વ.કા.નં.:(૭)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૦/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૭,વઝરભાઈના ઘર પાસે લક્ષ્મી ફર્નિચરની બાજુના વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટેઆર.સી.સી. પાઈપ ગટર બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.: ૭૫,૩૧૦/–પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૦/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૭,વઝરભાઈના ઘર પાસે લક્ષ્મી ફર્નિચરની બાજુના વિસ્તારમા વરસાદની સીઝનમા વરસાદી પાણીનો ભરાવો થતો હોય ,જેથી વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ ગટર બનાવવાના કામનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.: ૭૫,૩૧૦ /–અંકે રૂપિયા પંચોતેર હજાર ત્રણ સો દશ પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૭૧./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.:(૮)

વિષય.: કા.સ.ઠ.નં.:૮૯/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦, જિલ્લા પંચાયત કોલોની બાયપાસ રોડ વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.:૬૦,૩૭૩/–પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૮૯/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦, જિલ્લા પંચાયત કોલોની બાયપાસ રોડ વિસ્તારમા વરસાદની સીઝનમા વરસાદી પાણીનો ભરાવો થતો હોય જેથી વરસાદીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ ગટર બનાવવાના કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૬૦,૩૭૩/–અંકે રૂપિયા સાંઠ હજાર ત્રણસો તોતેર પુરા મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૭૨./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.:(૯)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૧/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ તા.:૧૭–૦૪–૨૦૧૬ના રોજ માન. મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના આગમન અંગેના હોડિંગ્સ વિગેરેની કામગીરી રામગીરી ડેકોરેટર્સ,વલસાડના પાસે કરાવેલ જેના ખર્ચનું આવેલ બીલ રૂા.:૮૫,૬૦૦/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૧/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ તા.:૧૭–૦૪–૨૦૧૬ના રોજ માન. મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના આગમન અંગેના વલસાડ શહેરના જુદા જુદા વિસ્તારોમા આગમન અંગેના હોડિંગ્સ તેમજ આઈએચએસડીપી યોજનાના લોકાપર્ણ નિમિતે કાર્યક્રમના સ્થળે તકતી સ્ટેન્ડ(પરદા સહીત )વ્યવસ્થા કરવા માટે સને ૨૦૧૪–૧૫ના વર્ષના કા.સ.ઠ.નં. ૧૭૧/તા.: ૧૦–૧૦–૨૦૧૪ થી મંજુર થયેલા ભાવ મુજબ શ્રી રામગીરી ડેકોરેટર્સ, વલસાડના પાસેથી સદરહુ કામગીરી  કરાવેલ છે. કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમના તરફથી  આવેલ બીલની રકમ રૂા.:૮૫,૬૦૦/–અંકે રૂપિયા પંચીયાસી હજાર છસો પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૩./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.:(૧૦)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૨/તા.:૧૩–૦૭–૨૦૧૬થી ભલામણ મુજબ ગુજરાત ગૌરવદિન ઉજવણી નિમિત્તે નગરપાલિકાની મીલકતો ઉપર લાઈટીંગની કામગીરી રામગીરી ડેકોરેટર્સ,વલસાડના પાસે કરાવેલ જેના ખર્ચનું આવેલ બીલ રૂા.:૬૨,૧૦૦/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૨/તા.:૧૩–૦૭–૨૦૧૬થી ભલામણ મુજબ તા.: ૧–૫–૨૦૧૬ના રોજ ગુજરાત ગૌરવદિન ઉજવણી કરવા માટે નામદાર સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નગરપાલિકાની મીલકતો જેવી કે,નગરપાલિકા કચેરી, મહાત્મા ગાંધી લાયબ્રેરી , આઝાદચોક કિર્તીસ્તંભ, મોરારજી દેસાઈ સીટી મ્યુઝીયમ, સ્પોટર્સ કોમ્પલેક્ષ તેમજ જયોતી મિનાર પાસે લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે સને ૨૦૧૪–૧૫ના વર્ષના કા.સ.ઠ.નં.૧૭૧/ તા.: ૧૦–૧૦–૨૦૧૪થી મંજુર થયેલા ભાવ મુજબ શ્રી રામગીરી ડેકોરેટર્સ,વલસાડના પાસેથી સદરહુ કામગીરી કરાવેલ છે. કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમના તરફથી આવેલ બીલ રૂા.:૬૨,૧૦૦/–અંકે રૂપિયા બાંસઠ હજાર એકસો પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૪./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.........................................................................................................

વ.કા.નં.(૧૧)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૩ / તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ તા.:૨૫–૬–૨૦૧૬ના રોજ શ્રી મોરારજી દેસાઈ રંગઉપવન ઓડીટોરીયમ હોલ ખાતે " અમૃત યોજના " અંગેનું જીવંત પ્રસારણની કામગીરી રામગીરી ડેકોરેટર્સ, વલસાડના પાસે કરાવેલ જેના ખર્ચનું આવેલ બીલ રૂા.: ૩૮,૪૫૫/–પુરાનુ મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૩ / તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ તા.:૨૫–૬–૨૦૧૬ના રોજ માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું સાંજે ૪–૦૦ કલાકે દુરદર્શન ઉપર " અમૃત યોજના " અંગેની વિશેષ માહીતીનુ જીવંતપ્રસારણ નગરપાલિકા સંચાલીત શ્રી મોરારજી દેસાઈ રંગઉપવન ઓડીટોરીયમ હોલ ખાતે રાખવામા આવેલ .સદરહુ કાર્યક્રમમા ઉપરોકત સ્થળે ખુરશી,ટેબલ ફીલ સાથે ,સોફા, ટીપોઈ, પોડીયમ, સાઉન્ડ સીસ્ટમ, જનરેટર, પ્રોજેકટ સ્ક્રીન,એલસીડી ટીવી, વિગેરે જેવી કામગીરીની વ્યવસ્થા કરવા માટે સને ૨૦૧૪–૧૫ના વર્ષના કા.સ.ઠ.નં.૧૭૧/ તા.: ૧૦–૧૦–૨૦૧૪થી મંજુર થયેલા ભાવ મુજબ શ્રી રામગીરી ડેકોરેટર્સ, વલસાડના પાસેથી સદરહુ કામગીરી કરાવેલ છે.કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમના તરફથી આવેલ બીલ રૂા.: ૩૮,૪૫૫/–અંકે રૂપિયા આડત્રીસ હજાર ચારસો પંચાવન પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૫./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

........................................................................................................

વ.કા.નં.:(૧૨)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૪/તા.:૧૩–૦૭–૨૦૧૬થી ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા જનક સ્વીટ સામે આવેલ રામરોટી ચોક સર્કલને રીનોવેશન તેમજ રીપેરીંગની (ફેઝ–૧)ની કામગીરી ઠેકેદારશ્રી ભરતભાઈ એ. ઓડેદરા,વશીયર,વલસાડના આવેલ રૂા.: ૩,૨૦,૮૧૫/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૪/તા.:૧૩–૦૭–૨૦૧૬થી ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા જનકસ્વીટ સામે આવેલ રામરોટી ચોક સર્કલને રીનોવેશન કરવાની જરૂરીયાત હોય, શહેરની સુંદરતામા વધારો કરવા માટે અને જુના સર્કલને કાઢી શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમા મુકી નવું સર્કલ બનાવવાના કામે સદરહું સર્કલમા કામગીરી કરવાની જેવી કે ખોદાણ, પીસીસી ફાઉન્ડેશન કુટીગ ફોમવર્ક ફીલીંગ સ્ટીલ વર્ક વિગેરેની કામગીરી કરવા માટે ઠેકેદારશ્રી ભરતભાઈ એ. ઓડેદરા,વશીયર,વલસાડના પાસેથી સદરહુ કામગીરી તાત્કાલીક કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમના તરફથી (ફેઝ–૧)નુ આવેલ બીલ રૂા.: ૩,૨૦,૮૧૫/–અંકે રૂપિયા ત્રણ લાખ વીસ હજાર આઠસો પંદર પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૬./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.(૧૩)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૫/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા જનક સ્વીટ સામે આવેલ રામરોટી ચોક સર્કલને રીનોવેશન તેમજ રીપેરીંગની (ફેઝ–૨)ની કામગીરી ઠેકેદારશ્રી ભરતભાઈ એ. ઓડેદરા,વશીયર,વલસાડના આવેલ રૂા.: ૩,૧૪,૦૨૯/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૫/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા જનકસ્વીટ સામે આવેલ રામરોટી ચોક સર્કલને રીનોવેશન કરવાની જરૂરીયાત હોય,શહેરની સુંદરતામા વધારો કરવા માટે અને જુના સર્કલને કાઢી શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમા મુકી નવું સર્કલ બનાવવાના કામે સદરહું સર્કલમા કામગીરી કરવાની જેવી કે કોલમ,પ્લાસ્ટર,આરસીસી વર્ક ,પ્લીન્થ પુરાણ, માર્બલ સ્લેબ, મારર્બલ કટીંગ, મોલડીંગ લોન,પ્લાન્ટસ, કલર ગ્રેનાઈટ, વિગેરેની કામગીરી કરવા માટે ઠેકેદારશ્રી ભરતભાઈ એ. ઓડેદરા,વશીયર,વલસાડના પાસેથી સદરહુ કામગીરી તાત્કાલીક કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી તેમના તરફથી (ફેઝ–૨)નુ આવેલ બીલ રૂા.: ૩,૧૪,૦૨૯ અંકે રૂપિયા ત્રણ લાખ ચૌદ હજાર ઓગણત્રીસ પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૭./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.

.......................................................................................

વ.કા.નં.: (૧૪)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૬/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ એ.આઈ.એમ.એસ. કોમ્પ્યુનીકેશન, વલસાડની સીસી ટીવી કેમેરા અંગેનું આવેલ બીલ રૂા.: ૪,૫૩,૨૭૧/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૩૮૨ / તા.: ૨–૩–૨૦૧૫ તથા કા.સ.ઠ.નં.:૯૬/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ એ.આઈ. એમ.એસ.કોમ્પ્યુનીકેશન,વલસાડનું શહેરમા સીસી ટીવી કેમેરા કન્ટ્રોલરૂમ સાથેનું ટેન્ડર મંજુર કરવામા આવેલ હતુ જે અન્વયે રૂા.:૧૨,૫૦,૦૦૦–પુરા મંજુર કરવામા આવેલ છે.આ અંગે નગરપાલિકામા સીસી ટીવી કેમેરાથી અનેક ફાયદાઓ થાય છે.શહેરમા ક્રાઈમ અંગેના ગુના ઉકેલ લાવવામા મદદરૂપ થયેલ છે તો આ અંગેનુ બાકી પેમેન્ટ અંગેનું આવેલ બીલ રૂા.: ૪,૫૩,૨૭૧/–અંકે રૂપિયા ચાર લાખ ત્રેપન હજાર બસો એકોતેર પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૮./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.

.................................................................................................

વ.કા.નં.:(૧૫)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૭/તા.:૧૩–૦૭–૨૦૧૬ તથા ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૧/ તા.: ૧૨–૪– ૨૦૧૬ ની ભલામણ મુજબ મહાલક્ષ્મી મંદીરની ગલી,કસ્તુરબા હોસ્પીટલ પાસેના વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈન નાંખવાનુ એસ્ટીમેઈટ રૂા.: ૧,૮૩,૭૫૦–પુરા મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૭/તા.:૧૩–૦૭–૨૦૧૬ તથા ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૧/ તા.: ૧૨–૪– ૨૦૧૬ ની ભલામણ મુજબ મહાલક્ષ્મી મંદીરની ગલી,કસ્તુરબા હોસ્પીટલ પાસેના વિસ્તારમા પાઈપ લાઈન નાંખવામા આવેલ છે.જે ડ્રેનેજ લાઈન છાશવારે ઉભરાય છે.સદર લાઈન જે તે સમયની વસ્તીને ધ્યાને લઈ નાંખવામા આવેલ હતી તે હાલની વસ્તીને અનુરૂપ નથી. જેથી સદર લાઈન નાના ડાયા મીટરની હોવાથી આ વિસ્તારમા ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.જે પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે ૭૪ (ચુમોતેર)મીટર લંબાઈની ૨૨૫એમ.એમ.ડાયા મીટર નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોય ,નવી ડ્રેનેજ લાઈન નાંખવાનુ એસ્ટીમેઈટ રૂા.: ૧,૮૩,૭૫૦–અંકે રૂપિયા એક લાખ ત્રેયાંસી હજાર સાતસો પચાસ પુરા મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૭૯./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

..........................................................................................

વ.કા.નં.:(૧૬)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૮/તા.:૧૩–૦૭–૨૦૧૬ તથા ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૨/ તા.: ૧૨–૪–૨૦૧૬ની ભલામણ મુજબ માજી સભ્યશ્રી સંજયભાઈના ઘર પાસે બંદરરોડ વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈન નાંખવાનુ એસ્ટીમેઈટ રૂા.: ૮૭,૧૮૦ –પુરા મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૮/તા.:૧૩–૦૭–૨૦૧૬ તથા ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૨/ તા.: ૧૨–૪–૨૦૧૬ની ભલામણ મુજબ માજી સભ્યશ્રી સંજયભાઈના ઘર પાસે બંદરરોડ વિસ્તારમા પાઈપ લાઈન નાંખવામા આવેલ છે. જે ડ્રેનેજ લાઈન છાશવારે ઉભરાય છે.સદર લાઈન જે તે સમયની વસ્તીને ઘ્યાને લઈ નાંખવામા આવેલ હતી તે હાલની વસ્તીને અનુરૂપ નથી. જેથી સદર લાઈન નાના ડાયા મીટરની હોવાથી આ વિસ્તારમા ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.જે પરિસ્થિતિ દુર કરવા માટે ઉપરોકત સ્થળે ૫૨ (બાંવન)મીટર લંબાઈની ૨૨૫એમ.એમ. ડાયા મીટર નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત હોય ,નવી ડ્રેનેજ લાઈન નાંખવાનુ એસ્ટીમેઈટ રૂા.: ૮૭,૧૮૦/–અંકે રૂપિયા સતીયાસી હજાર એકસો એસી પુરા મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૦./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.................................................................................................

વ.કા.નં.:(૧૭)

વિષય.: કા.સ.ઠ.નં.:૯૯/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ  વોર્ડ નં.૧૦,મા અભિલાષા એપાર્ટમેન્ટ પાસેની ગટરમા વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ લાઈન ૪૫૦એમ. એમ. ડાયા એનપી.૩.ગટર બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.: ૨,૧૫,૨૨૦ પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૯૯/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ  વોર્ડ નં.૧૦,મા અભિલાષા એપાર્ટમેન્ટ પાસેની ગટરમા વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય, આ વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપ લાઈન ૪૫૦એમ.એમ.ડાયા એનપી.૩.ગટર બનાવવાની જરૂરીયાત હોય,સદરહુ કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૨,૧૫,૨૨૦/– અંકે રૂપિયા બે લાખ પંદર હજાર બસો વીસ  પુરા મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૧./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

..................................................................................................

વ.કા.નં.:(૧૮)

વિષય.: કા.સ.ઠ.નં.:૧૦૦/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,હાલર ક્રોસ પાસેમેડીકેર હોસ્પીટલવાળી ગલી વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ લાઈનનું કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૪,૪૪,૩૦૦ પુરા મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૧૦૦/તા.:૧૩–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,હાલર ક્રોસ પાસે મેડીકેરહોસ્પીટલવાળી ગલીમા મુકેશ વિલાસીના ઘરને લગતો ભાગ પાસે વરસાદી પાણીનો ભરાવો રહેતો હોય , આ વિસ્તારમા વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ લાઈન બનાવવાની જરૂરીયાત હોય, સદરહું કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૪,૪૪,૩૦૦/–અંકે રૂપિયા ચાર લાખ ચુમલીસ હજાર ત્રણસો પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૨./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

..........................................................................................

વ.કા.નં.:(૧૯)

વિષય.: કા.સ.ઠ.નં.:૧૦૨/તા.:૧૫–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની મીશન મંગલમ અર્બન યોજના અંતર્ગત વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા સમાજ સંગઠક ધ્વારા સખી મંડળીઓના ગૃપોને પ્રેરણા પ્રવાસ માટે વલસાડ નગરપાલિકા ધ્વારા " બલસારા ટુર એન્ડ ટ્રાવેલ્સ " ની ચાર (૪) બસો ભાડેથી કરી સખીમંડળોને સાપુતારા, ખાતે લઈ જવામા આવેલ જે અંગેનું બસભાડાનું આવેલ બીલ રૂા.:૬૦,૦૦૦/–પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ..

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૧૦૨/તા.:૧૫–૦૭–૨૦૧૬ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની મીશન મંગલમ અર્બન યોજના અંતર્ગત વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા સમાજ સંગઠક ધ્વારા સખી મંડળીઓના ગૃપોની રચના થયેલ છે. સદર ગૃપોને પ્રેરણા પ્રવાસ માટે વલસાડ નગરપાલિકા ધ્વારા " બલસારા ટુર એન્ડ ટ્રાવેલ્સ " ની ચાર (૪) બસો ભાડેથી કરી સખીમંડળોએ પ્રેરણા પ્રવાસ સાપુતારા, ખાતે લઈ ગયેલ જે અંગેના બસભાડાનું આવેલ બીલ રૂા.:૬૦,૦૦૦/– અંકે રૂપિયા સાંઠ હજાર પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૩./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.............................................................................................

વ.કા.નં.:(૨૦)

વિષય.: નવીન સેવા સદન એલીવેશન,સ્ટ્રકચર ડીઝાઈન ફેરફાર તથા બીજા માળનુ એક્ષટેન્શન કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

નામદાર સરકારશ્રીની ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક.: મફબ/ એસજેએમએમ એસવીવાય / નવીન સેવા સદન / ગ્રાન્ટ / વલ.ન.પા./ ૫૬૬૫/ ૨૦૧૫, તા.: ૧૦–૦૩–૨૦૧૫ના રોજથી નગરપાલિકા ને રૂા.:૨.૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામા આવેલ છે.સદર કામગીરી કરવા માટે નગરપાલિકા ધ્વારા ઓન લાઈન ટેન્ડરીગ કરી ટેન્ડરો મંગાવવામા આવતા મુદત દરમ્યાન કુલ –પાંચ ટેન્ડરો આવેલા છે.સદરહુ આવેલ ટેન્ડરો પૈકી રાધિકા કન્સ્ટ્રકશન – વડોદરાનું ટેન્ડર ૨૦.૦૭% નીચા ભાવથી ટેન્ડરો આવતા નગરપાલિકા ધ્વારા કા.સ.ઠ.નં.૪૪/ તા.: ૨૧–૪–૨૦૧૫ થી સદર એજન્સીનુ ટેન્ડર મંજુર કરવામા આવેલ છે.સદરહુ એજન્સીને તા.: ૧૮–૪–૨૦૧૫ના રોજ સદર કામગીરી કરાવવા માટેનો જરૂરી વર્કઓર્ડર આપવામા આવેલ છે.પરંતુ સદર એજન્સી ધ્વારા હાલે ચોમાસાની સીઝન હોવાથી કામગીરી દિવાળી પછી શરૂ કરવાની લેખીત જાણ કરવામા આવેલ છે.

સદરહું કામગીરી કરવા માટે મે.પ્રમુખ સાહેબશ્રી,ચીફ ઓફીસરશ્રી,મીટીગ કરવામા આવતા સદર નવીન સેવા સદનનું એલીવેશન, સ્ટ્રકચર ડીઝાઈન વિગેરેમા ફેરફાર કરવાની જરૂરીયાત જણાતી હોવાથી સદર કામનો એસ્ટીમેઈટની ચર્ચા કરવા માટે ઈડન આર્કીટેક – સુરતને જાણ કરેલ અને તેમના અભિપ્રાય મુજબ નગરસેવા સદનના અંદાજપત્ર મુજબ ફાઉન્ડેશન કુટીગની જગ્યાએ સ્ટ્રકચરલ ડીઝાઈન મુજબ પાઈલીંગની કામગીરી તેમજ એલીવેશન, બીજામાળનું એક્ષટેન્શન તેમજ નગર સેવા સદનનું ઈન્ટીરીયર વર્કસ જેની કામગીરી કરવી અત્યંત અને જરૂરી જણાય છે.જેથી સદર નવીન નગર સેવા સદનને વધરાનો આવેલ એસ્ટીમેઈટ આર્કીટેક શ્રી ઈડન આર્કીટેક –સુરત ધ્વારા આવેલ એસ્ટીમેઈટ જેવા કે,...

(એ) નવીન નગર સેવા સદનનો સીવીલ વર્કનો રીવાઈઝ એસટીમેઈટની રકમ રૂા.: ૨,૯૪,૧૪,૦૦૦/–

(બી) નવીન નગર સેવા સદનની સંકુલનું ઈન્ટીરીયર વર્કની કામગીરીનો એસ્ટીમેઈટની રકમ રૂા.: ૯૧,૪૫,૫૮૫/–

ઉપરોકત કામગીરીમા કુટીગની કામગીરી કરવાનું ૧૦ ફુટ ઉડાઈની કામગીરી મંજુર કરી હતી પરંતુ તે સિવાય સ્ટ્રકચરલ ડીઝાઈન મુજબ ૪૦ ફુડ ઉડાઈની પાઈલીંગ કરવા નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:.૮૪ ./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

................................................................................................

વ.કા.નં.:(૨૧)
વિષય.: કા.સ.ઠ.નં.:૪/તા.:૧૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૪,અબ્રામા ખાતે પ્રકાશભાઈની ગલીવાળા વિસ્તારનો રસ્તો / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.:૪,૯૧,૫૪૫પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.:૪/તા.:૧૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૪,અબ્રામા ખાતે પ્રકાશભાઈની ગલીવાળા રોડ / ગલી વિસ્તાર બીસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તરન રહીશોને આવવા –જવામા મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી  પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય,જે કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.:૪,૯૧,૫૪૫ અંકે રૂપિયા ચાર લાખ એકાણુ હજાર પાંચસો પીસતાલીસ પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૫./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

..........................................................................................

વ.કા.નં.:(૨૨)

વિષય.: કા.સ.ઠ.નં.: ૩ /તા.:૧૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૪,અભ્રામા ખાતે રમણભાઈની ગલીવાળા વિસ્તારનો રસ્તો / ગલી વિસ્તાર પેવર બ્લોકવાળો બનાવવાના કામનું એસ્ટીમેઈટ રૂા.: ૫,૯૦, ૬૪૨/– પુરાનું મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.: ૩ /તા.:૧૮–૪–૨૦૧૬ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૪,અભ્રામા ખાતે રમણભાઈની ગલીવાળા રોડ / ગલી વિસ્તાર બીસ્માર હાલતમા હોય, તથા સદર વિસ્તારના રહીશોને આવવા જવામા મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવર બ્લોકવાળો બનાવવો જરૂરી હોય, જે કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૫,૯૦, ૬૪૨/–અંકે રૂપિયા પાચ લાખ નેવી હજાર છસો બેતાલીસ પુરાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૬./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.............................................................................................

વ.કા.નં.:(૨૩)

વિષય.: વો.વ.ક.ઠ.નં.: ૫૪/ તા.: ૨૦–૬–૨૦૧૬ની ભલામણ મુજબ વારીગૃહ શાખા માટે ૯૦એમ.એમ.ડાયાના એચ.ડી.પી.ઈ.–૬ કે.જી.પાઈપ અંગેના ભાવો મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.: ૫૪/ તા.: ૨૦–૬–૨૦૧૬ની ભલામણ મુજબ વારીગૃહ શાખામા અબ્રામા ઝોન વિસ્તારમા સોના નગર તથા તડકેશ્વર સોસાયટીમા બાકી રહેલ જગ્યાએ પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂર હોય, સદર કામે ૯૦એમ.એમ.ડાયા એચ.ડી.પી.ઈ.–૬ કે.જી.પાઈપની જરૂર હોય, સને ૨૦૧૬–૧૭ના વર્ષ માટે વાર્ષીક ભાવો મંજુર થવામા સમય લાગતો હોવાથી તેમજ આગામી દિવસોમા ચોમાસાની સીઝન ચાલુ થવાની હોવાથી સદર પાઈપો તાત્કાલીક ખરીદ કરવાની જરૂર હોવાથી સદર પાઈપના સ્થાનીક બજારમાથી બંધ કોટેશનો મેળવવામા આવતા ત્રણ કોટેશનો આવેલ છે.સદર કોટેશનો તા.:૧૪–૬–૨૦૧૬ના રોજ ખુલ્લા કરવામા આવેલ છે.જે ખુલ્લા કરેલ કોટેશનનું તુલનાત્મક પત્રક બનાવેલ જેમા લાલ સહીથી નીચે અંદર લાઈન કરેલ ભાવો એટલે કે ફીલ્ડ માર્શલ એજન્સી – વલસાડના ૯૦એમ.એમ.ડાયા એચ.ડી.પી.ઈ.–૬ કે.જી. ૧(એક) મીટર પાઈપના રૂા.:૨૪૫–  ૫% વેટ ટેક્ષ અલગથી ગણવા સાથેનો ભાવ સૌથી ઓછો આવેલ હોય જેને બહાલી આપવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૧૦૧/તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.

..........................................................................................

વ.કા.નં.(૨૪)

વિષય.: રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગ પરની જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણુકોનો ફીકસ પગાર પર " ખાસ ભથ્થુ " આપવા અંગેનો ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.:૨૦–૧૦–૨૦૧૫ના ઠરાવ બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગ પરની જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણુકોનો ફીકસ પગાર પર " ખાસ ભથ્થુ " આપવા અંગેનો નામદાર ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક.: ખરચ /૨૦૦૨/ ૫૭ /(પાર્ટ–II ) ઝ. ૧./તા.:૨૦–૧૦–૨૦૧૫ મા જણાવ્યા મુજબ રાજય સરકારની કરકસરની નિતિના ભાગ રૂપે પાંચ વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણુંકો પામેલ કર્મચારીઓને ઠરાવેલ સુધારા મુજબ ફીકસ પગારમા નીચે મુજબનો " ખાસ ભથ્થુ " આપવા અંગેનો કરેલ ઠરાવનું અમલી કરવાનું ઠરાવવામા આવે છે.

| અ.નં. | તા.:૨૦–૧૦–૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિકસ પગાર | ફિકસ પગાર ઉપર માસિક " ખાસ ભથ્થુ " | " ખાસ ભથ્થા" ઉપર વાર્ષીક વધારો. |
|---|---|---|---|
| ૧ | રૂા.:૭૧૦૦/– | રૂા.:૧૯૦૦/– | રૂા.:૧૫૦૦/– |
| ૨ | રૂા.:૭૮૦૦/– | રૂા.:૨૨૦૦/– | રૂા.:૧૫૦૦/– |
| ૩ | રૂા.:૧૩૫૦૦/– | રૂા.:૧૫૦૦/– | રૂા.:૧૫૦૦/– |
| ૪ | રૂા.:૧૩૭૦૦/– | રૂા.:૧૮૦૦/– | રૂા.:૧૫૦૦/– |

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૮./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

.........................................................................................

વ.કા.નં.(૨૫)

વિષય.: અમલો ટ્રાન્સફર કરવા તેમજ વારસાઈ હકકે ગાળા છુટા પાડવા અંગે આવેલ અરજી બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

જનરલ બોર્ડ ઠરાવ નં.૩૩૪/ તા.: ૨૭–૧–૨૦૧૪થી ઠરાવ્યા મુજબ અમલો ટ્રાન્સફર કરવા અંગે જે નિતિ નકકી થયેલ છે તે મુજબ જરૂરી કાર્યવાહી કરી આધાર – પુરાવાઓ તેમજ ચીફ ઓફીસરશ્રીની મંજુરી મેળવ્યા બાદ અમલો ટ્રાન્સફર કરવા તેમજ વારસાઈ રાહે ગાળા છુટા પાડવા અંગે કારોબારી સમીતી લેવલે નિર્ણય લઈ જ.બો. ઠરાવ નં. ૩૩૪/ તા.: ૨૭/૧/૨૦૧૪મા ઠરાવ્યા મુજબ વહીવટી ખર્ચ ફી વસુલ કર્યા બાદ અમલવારી કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર..

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૮૯./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.

..........................................................................................

વ.કા.નં.(૨૬)

વિષય.: દમણગંગા મધુબન ડેમનો પાણી પુરવઠો મેળવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ શહેરમા વખતો વખત પાણી પુરવઠા અંગે પડતી મુશ્કેલી તથા દિવસે દિવસે વધતી જતી વસ્તીને ધ્યાનમા લઈ હાલમા નહેર ખાતા તરફથી પાણીનો પુરવઠો આપવામા આવે છે તે અપુરતો મળે છે.તથા વરસાદની સીઝન અનિયમીત થવાથી પાણીની હાલાકી પ્રજાજનોને ભોગવવી પડે છે જે બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ધારા સભ્યશ્રીઓ, અને પાણી પુરવઠા વિભાગને જાણ કરવામા આવેલ છે.અને જે યોજના આયોજનમા છે.અને સાથે સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈ ધ્વારા થતી રજુઆતો ધ્યાનમા લઈ ચર્ચા વિચારણાના અંતે દમણ ગંગા નજીક મધુબન ડેમ પાસેથી પાણીનો જથ્થો વલસાડ તાલુકાના છેવાડાના ગામો સુધી આવે છે .આ પાણીને કાકરપારની હાલમા પડતર નહેરમા મરામત કરી પાઈપ લાઈનથી જોડવામા આવે તો ઘણો સહેલાઈથી મધુબન ડેમનુ પાણી આપણા ડેમ સુધી લાવી શકાય જે માટે પાણી પુરવઠા વિભાગ તથા સરકારશ્રીને આ મહત્વના અને પ્રજાહિતના કામમા જરૂરી કાર્યવાહી કરવાનું સર્વાનુમતે દરખાસ્ત રજુ કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૯૦ ./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

..........................................................................................

વ.કા.નં.(૨૭)

વિષય.: મોગરાવાડી જુની ઝોન ઓફીસ જર્જરીત થતા તેની જગ્યાએ નવુ કોમ્યુનીટી હોલનુ આયોજન કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

મોગરાવાડી જુની ઝોન ઓફીસ ૫૦ વર્ષ જુનુ મકાન જર્જરીત અને ભયજનક છે. સદર મકાન લોક ફાળો તથા સરકારશ્રીની સહાયથી પંચાયત સમયે બનાવવામા આવેલ છે.જેનો ઉપયોગ પંચાયત તથા કોમ્યુનીટી હોલ તરીકે ગ્રામજનો ઉપયોગમા લેતા આવેલા છે.સદર મકાન તોડી તે જગ્યાએ અર્બન ડેવલપમેન્ટ ગ્રાન્ટ હેઠળ ભોયતળીયે પબ્લીક હેલ્થ સેન્ટર તેમજ ઓફીસ કમ લાયબ્રેરી તથા પ્રથમ માળે સાંસ્કૃતિક ( કોમ્યુનીટી હોલ ) બનાવવા અંગે સરકારશ્રીની મળનાર ગ્રાન્ટમાંથી આયોજન કરી નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૯૧./તા.: ર૭–૦૭–ર૦૧૬ની નકલ.**

..........................................................................................
વ.કા.નં.(ર૮)
વિષય.: વિદ્યુત બીલ પર રીબેટ તથા વિદ્યુત સુલ્ક માથી મુકિત મેળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

નગરપાલિકા વિસ્તારના પાણી પુરવઠાના વીજ બીલો દક્ષિણ ગુજરાત વીજ કંપની ધ્વારા છેલ્લા કેટલાક વર્ષેથી વિદ્યુત સુલ્કની રકમ નગરપાલિકા પાસેથી વસુલ કરવામા આવે છે જે મુળ વિદ્યુત સુલ્ક અધિનિયમ –૧૯પ૮ના કાયદાની ૩પર (૧) અન્વયે વીજળી બીલોમા વિદ્યુત સુલ્કની રકમ નહી આકારવાની જોગવાઈ છે. તથા સ્ટ્રીટ લાઈટ ઓન – ઓફ નગરપાલિકાના કર્મચારીઓ કરતાં હોય ,ગુજરાત વિદ્યુત બોર્ડના ટેરીફ ફોર સપ્લાય અને ડયુટી ઈલેકટ્રીક સીટીના સીડીયુલ –૯ મા જણાવ્યા મુજબ વીજ બીલના યુનીટ દીઠ ર.પ પૈસા.નુ રીબેટ બીલમાથી બાદ આપવાની જોગવાઈ છે .પ્રમુખશ્રી સને ર૦૧૩ મા કરેલ દરખાસ્ત સ્થાનિક સંસ્થાના કોર્મશીયલ રેઈટ માટે ત્રણ વાર રીમાઈન્ડરો કરેલા હોય અને બાદમા સભ્ય શ્રી શશીભાઈ શેઠીયા ધ્વારા અગાઉ બોર્ડમા પણ રજુઆતો કરેલ છે .તેમજ શ્રી ગીરીશભાઈ દેસાઈના સુચન મુજબ ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે નગરપાલિકાએ જે રૂપિયા વસુલ લેવાના બાકી પડે છે જે અંગે ભારત સરકારના વીજ ટ્રીબ્યુનલ સમક્ષ અપીલમા જવા નગરપાલિકા, માનનીય સાંસદ સભ્યશ્રીના પરામર્શમા રહી અપીલ અંગેની જરૂરી કાર્યવાહી કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

**જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૯૨./તા.: ૨૭–૦૭–૨૦૧૬ની નકલ.**

................................................................................................

વ.કા.નં.(૨૯)
વિષય.: વોર્ડ નં.૮ – છતરીયા વિસ્તારમા આવેલ રસ્તા પર પેવર બ્લોક બેસાડવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.

વોર્ડ નં.૮ – છતરીયા વિસ્તારમા આવેલ રસ્તો બિસ્માર થયેલ હોય તથા આ વિસ્તારના આદીવાસીઓના રહેણાંકને ઘ્યાનમા લઈ પશ્ચીમ ભાગમા આવેલ રસ્તા પર પેવર બ્લોક લગાવવા અંગેના આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૫,૦૪,૨૦૦–અંકે રૂપિયા પાંચ લાખ ચાર હજાર બસો પુરા નું મંજુર કરવા તથા તે અંગેની જરૂરી કામગીરી કરાવવાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર....

**આથી વલસાડ નગરપાલિકાના તમામ સભ્યશ્રીઓને જણાવવાનું કે,વલસાડ નગરપાલિકાની સમગ્ર સામાન્ય સભા (જનરલ બોર્ડ )નીચે જણાવેલ કામોની ચર્ચા – વિચારણા માટે તા.: ૨૭/૦૭/૨૦૧૬ ને બુધવારના રોજ બપોરે ૪–૦૦ કલાકે વલસાડ નગરપાલિકાના શ્રીકેકી ફીરોજશા શ્રોફ ,સભાખંડમા મળશે જેમા હાજર રહેવા વિનંતી.**

---

(૧) તા.: ૨૯–૦૪–૨૦૧૬ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

(૨) વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૫–૨૦૧૬નો તા.:૦૧/૦૪/૨૦૧૫ થી તા.: ૩૧/૦૩/૨૦૧૬ સુધીનો બાર માસીક હિસાબ મંજુર કરવા બાબત..

(૩) ગુજરાત ગૌરવદિન ઉજવણી નિમિત્તે સ્ટેડીયમરોડથી રેલીનું આયોજન કરેલ જેમા કરાવેલ કામગીરીનો ખર્ચ રૂા.:૩૮,૨૦૩–પુરા મંજુર કરવા બાબત..

(૪) તા.:૨૧–૬–૨૦૧૬ના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે તેમજ નગરપાલિકા પાર્કીગ પ્લોટ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે કરાવેલ કામગીરીનો ખર્ચ રૂા.: ૫૭,૪૪૦–પુરા મંજુર કરવા બાબત...

(૫) તા.:૬–૪–૨૦૧૬ના રોજ ક્રાંતીકારી આધ્યગુરૂ પંડિત શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમા લોકાર્પણ વિધિ અંગે ગ્રેનાઈટ સ્ટોન પર ગોલ્ડન અક્ષરથી તકતી બનાવેલ ,સદર કામગીરીનો ખર્ચ રૂા.: ૨૬,૩૫૦–પુરા મંજુર કરવા બાબત..

(૬) ફાયર શાખામા ફાયર ફાયટર રજી.નં.જીજે.૧૫.જી.૦૪૬૨ ( મીનીફાયર )નું પીટીઓ પમ્પ ખરીદી અંગેનો ખર્ચ રૂા.: ૬૦,૯૫૦–પુરા મંજુર કરવા બાબત..

(૭) હાઉસ ટેક્ષ શાખાના ઈ.ચા. ટેક્ષ સુપ્રિટેન્ડન્ટને તા.: ૨૮–૬–૨૦૧૬ના જાવક નંબર.: ૫૦૩ થી ૫૧૩ / ૨૦૧૬–૨૦૧૭/ થી નગરપાલિકા અધિનિયમની કલમ– ૪૮ (૧) હેઠળ સેવામૌકુફીના હુકમ ચીફ ઓફીસરશ્રી ધ્વારા કરવામા આવેલ ફરજ મૌકુફી હુકમ , મૌકુફ રાખેલ જે અંગે નિર્ણય થવા બાબત..

(૮) મે.મદદનીશ અધિકારીશ્રી, મદદનીશ શ્રમ આયુકતની કચેરી,વલસાડના પત્ર નં.: મશ્રઆ / વલ/ ૫૫૫૬/ ૧૬, તા.:૫–૭– ૨૦૧૬ના રોજ આવેલ પત્ર અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

(૯) ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ અન્વયેની કારોબારી કમીટી તથા નગરપાલિકાના આદર્શ નિયમ અન્વયે નકકી થયેલ નીચે મુજબની કમીટીઓમા તેની સામે દર્શાવ્યા મુજબના સભ્યો ચૂંટવા તથા દરેક કમીટીના ચેરમેનની ચુંટણી કરવા બાબત.

| | કમીટીનું નામ. | ચુંટવાના સભ્યોની સંખ્યા. |
|---|---|---|
| ૯ | કારોબારી કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૧૧(અગ્યાર) |
| ૯(૧) | કારોબારી કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |

| | | |
|---|---|---|
| ૧૦ | આરોગ્ય કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૦(૧) | આરોગ્ય કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૧ | વોટર વર્કસ કન્ટ્રોલીંગ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૧(૧) | વોટર વર્કસ કન્ટ્રોલીંગ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૨ | એસ્ટાબ્લીસમેન્ટ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૯(નવ) |
| ૧૨(૧) | એસ્ટાબ્લીસમેન્ટ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત... | |
| ૧૩ | ડીસ્પેન્સરી કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૩(૧) | ડીસ્પેન્સરી કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૪ | ફાયર એન્ડ લાઈટ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૪(૧) | ફાયર એન્ડ લાઈટ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૫ | જાહેર બાંધકામ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૫(૧) | જાહેર બાંધકામ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત... | |
| ૧૬ | ટાઉન પ્લાનીગ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૬(છ) |
| ૧૬(૧) | ટાઉન પ્લાનીગ એન્ડ સીટી ઈમ્પુંવમેન્ટ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૭ | કાયદા કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૭(૧) | કાયદા કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૮ | ડ્રેનેજ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૮(૧) | ડ્રેનેજ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૧૯ | સમાજ કલ્યાણ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૧૯(૧) | સમાજ કલ્યાણ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૨૦ | શૈક્ષણીક કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૨૦(૧) | શૈક્ષણીક કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૨૧ | ફુડ એન્ડ શોપ્સ એસ્ટાબ્લીસમેન્ટ કમીટીની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૨૧(૧) | ફુડ એન્ડ શોપ્સ એસ્ટાબ્લીસમેન્ટ કમીટીના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત.. | |
| ૨૨ | મંત્રણા સમીતી (ગાર્ડન તથા તળાવ ડેવલપમેન્ટ)ની ચુંટણી કરવા બાબત.. | ૦૫(પાંચ) |
| ૨૨(૧) | મંત્રણા સમીતી (ગાર્ડન તથા તળાવ ડેવલપમેન્ટ)ના ચેરમેનશ્રીની ચુંટણી કરવા બાબત. | |

(૨૩) શ્રી મહાત્મા ગાંધી ટાઉન હોલ ટ્રસ્ટ કમીટીના પ્રમુખ સહીત સુધરાઈના પાંચ સભ્યોને સુધરાઈના પ્રતિનિધિઓ તરીકે ચૂંટવા અને બીન મ્યુનિસિપલ પ્રતિનિધિઓ તરીકે માજી ટ્રસ્ટીઓ પૈકી ક્રમ પ્રમાણે આવતા બે પ્રતિનિધિઓની નિમણુંક કરવા બાબત.

(૨૪) અધ્યક્ષ સ્થાનેથી રજુ થતા અન્ય કામો.

નગરપાલિકા કચેરી
વલસાડ.
તા.: / /૨૦૧૬

( સોનલબેન તેજશભાઈ સોલંકી (જૈન)
પ્રમુખ,
વલસાડ નગરપાલિકા.